# અંતરશુદ્ધિનાં સોપાન

## એક ઉદ્ધરણ

આજે સવારે બનેલા પ્રસંગોમાંથી એક પ્રસંગ હું તમને કહું છું. હું આશ્રમની લોબીમાંથી જઈ રહી હતી અને એક રૂમનો દરવાજો ખુલ્લો હતો. તેથી મેં અંદર જોયું અને મેં પલંગ પર આ બધાં પુસ્તકોનો ઢગલો જોયો. ત્યાં ઘણાં બધાં પુસ્તકો અને કાગળોની થપ્પીઓ હતી. હું ચકિત થઈ ગઈ.

થોડી સેકંડ માટે હું ત્યાં ઊભી રહી અને પછી એ સમયે જે વ્યક્તિ એ રૂમમાં રહેતી હતી તેનું ધ્યાન ખેંચવા મેં ખૂબ ધીમેથી દરવાજા પર ટકોરા માર્યા. તે એક પ્રોફેસર હતા. તે હાથમાં પુસ્તકો સાથે નીચે નમેલા હતા. જ્યારે તેમણે ટકોરા સાંભળ્યા, તેમણે ઊંચું જોયું અને તેમના ચશ્મા નાક પરથી સરકી ગયા. બરાબર એક પ્રોફેસરની જેમ તેમણે ચશ્માના કાચની ઉપરથી ઝીણી નજરે મારી તરફ જોયું અને બોલ્યા, ''ઓ! ઓ!''

મેં તેમને પૂછયું કે તેઓ કેમ છે અને તેમણે પ્રેમથી ઉત્તર આપ્યો. તેઓ શું અનુભવી રહ્યા હતા અને તેમના જીવનમાં જે બધું બની રહ્યું હતું તે મને કહેવા લાગ્યા. તેઓ જ્યારે બોલી રહ્યા હતા ત્યારે અચાનક જ, મને શિરડી સાંઈબાબાનું મુખમંડળ દેખાયું. જ્યારે મેં તે જોયું, ત્યારે મને યાદ આવ્યું કે આજે સવારે જ્યારે હું ધ્યાનમાંથી બહાર આવી રહી હતી ત્યારે આ જ વસ્તુ થઈ હતી.

શિરડી સાંઈબાબાનું ખૂબ જ તેજસ્વી, શ્વેત આભાથી દેદીપ્યમાન, ચમકતું મુખ દેખાયું હતું. તેમણે મને શિરડીમાં, જે તેમનું નિવાસસ્થાન છે, ત્યાં ગવાતી સવારની ''પાદુકા આરતી'' ગાવાનું કહ્યું.

તમારામાંનાં કેટલાંકે કદાચ શિરડી સાંઈબાબા વિષે નહીં સાંભળ્યું હોય. તેઓ મહાન સંત હતા જે શતાબ્દીના પ્રારંભમાં, ભારતના મહારાષ્ટ્ર રાજ્યમાં રહેતા હતા. લાખોને લાખો લોકો હજુ પણ શિરડીની યાત્રા કરે છે જ્યાં તેમની સમાધિ છે અને એમાંનાં ઘણાં અદ્‌ભુત આશીર્વાદો પ્રાપ્ત કરે છે.

સાંઈબાબા વિષે માત્ર વિચાર કરવાથી તેમના આશીર્વાદ મળી જાય છે. જ્યારે તેઓ મારા ધ્યાનમાં પ્રગટ થયા અને મને આ વિશેષ પ્રાર્થના ગાવાનું કહ્યું, તો મેં દિલગીર થઈને કહ્યું, ''મને એ કંઠસ્થ નથી.'' ફરી સાંઈબાબાએ કહ્યું, ''તેને ગાઓ!''

તેથી, મારા ધ્યાનમાં, હું તે કાગળને શોધવા લાગી જેના પર આ પ્રાર્થના લખાયેલી હોવી જોઈતી હતી. મને એ ક્યાંય ન મળ્યો. આ બધી પ્રવૃત્તિ સાથે, હું સ્વયંને ધ્યાનમાંથી બહાર લાવી.

હવે, થોડા કલાકો પછી, પ્રોફેસરના દરવાજા સામે ઊભી હતી ત્યારે, ફરીથી સાંઈબાબાનું મુખ દેખાયું. પ્રોફેસર સૌમ્યતાથી, સભ્યતાથી, મધુરતાથી અને પ્રેમથી વાતો કરતા રહ્યા; અને હું શિરડી સાંઈબાબાના મુખને જોતી રહી જે પ્રોફેસરના મુખ પર દેખાઈ રહ્યું હતું. મનમાં મેં સાંઈબાબાને પૂછ્યું, ‘‘આજે, તમે આ રીતે કેમ પ્રગટ થયા કરો છો?’’

અને તેમણે જવાબ આપ્યો, ‘‘અભય. હું લોકોને આ જ તો આપું છું : અભય.’’

જ્યારે પ્રોફેસરની વાત પૂરી થઈ ત્યારે સાંઈબાબાનું મુખ પણ અદૃશ્ય થઈ ગયું. મેં પ્રોફેસરને આવજો કહ્યું અને ચાલવા માંડી. સાંઈબાબા જાણતા જ હશે કે હું આજે રાત્રે અભયના વિષયમાં બોલવાની છું.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, ‘‘અભય,’’ અધ્યાય ૧ *અંતરશુદ્ધિનાં સોપાન : દ્વિવ્ય સદ્‌ગુણોનો યોગ* (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૧૩-૧૫.